**C.C.NO-621-2026**

---

**ખંભાળીયાના મહે. એડી.જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ સાહેબ ની કોર્ટમાં,**

**મુ.– ખંભાળીયા, જી.દેવભૂમિ દ્વારકા.**

---

# આંક–૦૧ નીચે હુકમ

---

**બચાવપક્ષ તરફે વિ.વકીલશ્રી. જે.વી.સોલંકી**

---

**ગુન્હોઃ– એમ.વી. એકટની કલમ– ૧૮૫, ૩–૧૮૧ તથા**

**પ્રોહિ. કલમ–૬૬(૧)બી મુજબ**

---

(૧). ફરીયાદ પક્ષની ટૂંકમાં હકીકત એવી છે કે, આ કામના આરોપીએ ચાર્જશીટના કોલમ નં–૫ માં જણાવેલ બનાવ સમયે અને સ્થળે પોતાના કબજાનુ વાહન ને ગે.કા. પાસ પરમીટ વગર કેફી પ્રવાહી પીધેલ હાલતમાં જાહેર રોડ પર ચલાવી નિકળતા સ્થળ પર પીધેલ હાલતમાં વાહન ચલાવતા પકડાઈ જઈ, આરોપી સામે એમ.વી.એકટની કલમ–૧૮૫,૩–૧૮૧ તથા પ્રોહીબીશન એકટ ની કલમ–૬૬ (૧) (બી) મુજબનો શિક્ષાપાત્ર ગુનો રજી. કરી તપાસ અર્થે પોલીસે તપાસ સંભાળી લઈ ગુનાવાળી જગ્યાનું પંચનામું કરેલ તથા લાગતા વળગતા સાહેદોના નિવેદનો નોંધેલ. આરોપીની વીરુધ્ધ તપાસના અંતે પૂરતો પુરાવો હોઈ, ખંભાલીયા કોર્ટમાં ચાર્જશીટ દાખલ કરેલુ.

(૨) આ કામે આરોપીને સમન્સ કરતા, આરોપી હાજર થતા, આરોપી સામે ફરીયાદના સંદર્ભમાં ગુના અંગે આરોપીનો જવાબ લેતાં તેમાં જણાવ્યા મુજબ તેમણે ગુનાનો સ્વેચ્છાપુર્વક સ્વીકાર કરેલો છે અને કબુલાત પુરશીશ તેઓની સહી થી રજુ કરેલ છે .

(૩) આરોપી ધ્વારા ગુનાનો સ્વીકાર કર્યા બાદ તેઓએ તથા તેમના વિ.વ.શ્રી.એ મૌખીકમાં એવી દલીલ કરેલ છે કે, તેઓ મજુરીયાત વર્ગના માણસ છે અને આ તેમનો પ્રથમ વખતનો ગુનો છે જેથી તેઓની ઉપર રહેમ નજર રાખવા અરજ કરેલ છે. તેઓના વિ. વ.શ્રી. દવારા આરોપીનો આ પ્રથમ વખતનો ગુનો હોવાનું જણાવી તેઓને ઓછામાં ઓછી સજા અને દંડ કરવા અરજ કરેલ છે.

(૪) કોર્ટ ધ્વારા આરોપીને પુછવામાં આવેલ છે કે તેઓ ગુનો કબુલ કરવા બંધાયેલ નથી તેમ જણાવવા છતાં અને સમજાવવા છતાં પણ સ્વૈચ્છીક રીતે ગુનો કબુલ કરતાં હોવાનું જણાવેલ છે અને તેઓની ઉપર આ તેમનો પ્રથમ વખતનો ગુનો હોઈ રહેમ નજર રાખવા અને કાયદામા ઠરાવેલ સજા કરતા પણ ન્યુનતમ સજા કરવા અરજ કરેલ છે અને ભવિષ્યમાં આ પ્રકારનો ગુનો નહી થાય તેની બાંહેધરી આપેલ છે.

(૫) આરોપી સામે એમ.વી.એકટની કલમ મુજબના ગુન્હાનું તહોમત છે આરોપીની ગુનાની પ્લીમાં જ તેઓને ગુનો કબુલ હોવાનું જણાવેલ છે તેમજ તેઓના વિ.વ.શ્રી. દવારા મૌખીક માં આરોપી ગરીબ અને મજુરીયાત વર્ગનો માણસ હોવાનુ જણાવેલ છે તેમજ કુટુંબમાં એકમાત્ર કમાનાર સભ્ય છે. તેમજ ગુન્હો કર્યાનો અફસોસ વ્યકત કરે છે અને ભવિષ્યમાં બીજો ગુન્હો નહીં કરવાની ખાત્રી આપે છે .તેમનો આ પ્રથમ ગુન્હો હોવાનું જણાઈ આવતુ હોઈ અને જો ઓછી સજા અને દંડ કરવામાં આવે તો સમાજમાં માનભર્યા સ્થાનથી જીવી શકે તેવા પ્રયત્નો કરી શકે તેમ છે તે સંજોગોમાં તેમને કાયદામાં જણાવેલ ન્યુનતમ સજા કરતા પણ ઓછી સજા અને દંડ કરવો ન્યાયી અને ઉચિત જણાઈ આવે છે.

(૬)નામદાર ગુજરાતની વડી અદાલતે ૨૦૦૫(૧) જી.એલ.આર.૭૦૯ સ્ટેટ ઓફ ગુજરાત વિરૂધ્ધ નટવર હરિચંદ્રજી ઠાકોરના કેસમાં એવો સિધ્ધાંત પ્રસ્થાપિત કરેલો છે કે, જો પુરતા અને વાજબી કારણો હોય તો દરેક કેસની હકીકતને ધ્યાનમાં લઈ નીચેની અદાલતમાં કાયદામાં કરેલ જોગવાઈ કરતાં પણ ઓછી સજા અને દંડ

કરવાની સત્તા છે અને સદરહું ચુકાદાના પાન નં.૭૨૧, ઉપર પેરા–૨૧, માં કારણો જણાવેલ છે તે ધ્યાને લેતાં ઉપરોકત ચુકાદો આરોપીના કેસને મદદરૂપ થતો હોય તેમ જણાય છે. જેથી આરોપીની સ્થિતિ અને સંજોગોને ધ્યાને લઈ કાયદાએ સુચવેલ ન્યુનત્તમ સજા કરતાં ઓછી સજા કરવા માટેના વાજબી અને વિશિષ્ટ કારણો જણાય છે.તેથી કાયદા માં ઠરાવેલ ન્યુનતમ સજા તથા દંડ કરતા પણ ઓછી સજા અને દંડ કરવો જોઈએ તેવુ આ કોર્ટ માને છે. અને સજા અંગે વિ.એ.પી.પી.શ્રી તથા આરોપીને સાંભળ્યા બાદ ન્યાયના હિતમાં નીચે મુજબનો આખરી હુકમ ફરમાવું છું.

**–:: <u>હુ કુ મ</u> ::–**

- આરોપી :– રાજુભાઈ બીજલભાઈ ઝાપડા, રહે.મુ.વડાલીયા સિંહણ ગામ, તા.ખંભાળીયા, જી.દેવભુમીધ્વારકાનાઓને ભારતીય નાગરીક સુરક્ષા સંહીતાની કલમ–૨૭૫ અન્વયે એમ. વી. એકટ ની કલમ–૧૮૫, ૩–૧૮૧ તથા પ્ર ોહીબીશન એકટની કલમ–૬૬(૧)(બી) મુજબના ગુન્હામાં તકસીરવાર ઠરાવી, કુલ રૂા.૨૪૫૦/– (અંકે રૂપીયા બે હજાર ચારસો પચાસ) પુરાનો દંડ કરવાનો હુકમ કરવામાં આવે છે.

- મુદ્દામાલ અન્વયે જો વચગાળાનો હુકમ કરવામાં આવેલ હોય, તો તે કાયમ રાખવામાં આવે છે, જો કોઈ હુકમ કરવામાં આવેલ ન હોય તો દીન–૩૦ માં યોગ્ય આધાર પુરાવા રજુ કરી પો.સ્ટે. માંથી છોડવી લેવા હુકમ કરવામાં આવે છે. જો સમય મર્યાદામાં મુદ્દામાલ વાહન પરત મેળવવા કાર્યવાહી ન થાય તો ક્રીમીનલ મેન્યુઅલ મુજબ તે સમય પુરો થયેથી મુદ્દામાલ વાહનનું વેચાણ કરી મળી આવતી રકમ રાજય સાત કરવાનો હુકમ કરવામાં આવે છે.

**C.C.NO-621-2026**

- જો આરોપી ઉપરોકત ગુનામાં દંડ ન ભરે તો આ ગુનામાં દિન–૦૭ (સાત) લેખે સાદી કેદની સજા ભોગવવા હુકમ કરવામાં આવે છે.

આજરોજ તા.૧૪, માહે–માર્ચ, સને ૨૦૨૬ના રોજ ખુલ્લી અદાલતમાં જાહેર કર્યો.

તા.૧૪–૦૩–૨૦૨૬
સ્થળ : ખંભાળીયા.

**( ધ્રુવરાજસિંહ બી. ચૌહાન )**
એડી.જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ,
મુ.ખંભાળીયા. જી.દેવભુમી દ્વારકા,
JUDGE CODE - 01732